ફોજ.કેસ નં.–૮૩૪૨/૨૦૨૧

<u>વડોદરાના ૧૩માં એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ–વડોદરા.</u>

ફરીયાદી– શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી– દિપ જયસુખભાઈ યાદવ

**<u>ગુનો– ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯ મુજબ.</u>**

**– ચુકાદો –**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, દેશમાં નોવેલ કોરોના વાયરસ (કોવીડ–૧૯) રોગચાળાની મહામારી ફેલાયેલી હોય કેન્દ્ર સરકાર દ્વારા વખતો વખત માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ અને તેના અનુસંધાને વડોદરા શહેરના મે. પોલીસ કમિશ્નરશ્રી દ્વારા જાહેરનામા બહાર પાડી લોકોને બિનજરૂરી જાહેરમાં નીકળવાની મનાઈ ફરમાવવામાં આવેલ હોવા છતાં આરોપી જાહેરનામાનો ભંગ કરી તથા પોતાનું વાહન દારૂ જેવા કેફી પીણાનો નશો કરી ચલાવી લાવી પોતાની તથા અન્ય લોકોની જીંદગી જોખમાય તેવું કૃત્ય કરી જાહેરમાં મળી આવી **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯,** અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩(૨) અન્વયે દાખલ કરેલ છે.

**૨.** સદર કામે આરોપીને સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપીએ હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોઈ આરોપીનું નિવેદન લેતાં, આરોપીએ તેઓના વિરુદ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ અલાયડી કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં મુખ્યત્વે આરોપીએ જણાવેલ છે કે, સદર ગુનો કોવીડ–૧૯ ની મહામારી સમયે બનેલ છે અને તેઓનો કોઈ ઈરાદો મહામારી ફેલાવવાનો હતો નહીં. વધુમાં જણાવેલ છે કે, તેઓને કોઈ ચેપી રોગ બનાવ સમયે થયેલ ન હતો અને બનાવ સમયે જીવન જરૂરિયાતની ચીજવસ્તુ અને ધંધાની જરૂરિયાતે તેઓ બહાર નીકળેલ હતા. તેઓનો ઈરાદો સરકારની માર્ગદર્શિકાની અવગણના કરવાનો કે જાહેરનામાનો ભંગ કરવાનો કે ચેપીરોગ ફેલાવવાનો હતો નહીં. તેઓને ગુના સંબંધે પસ્તાવો છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

**૩.** સદર કામે આરોપીની ગુન્હા કબુલાત પુરસીસ વંચાણે લેતાં તથા આરોપી વિરુદ્ધ આક્ષેપિત ગુનાની હકીકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ રેકર્ડ વંચાણે લેતાં તથા **ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯** માં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, તેઓનો કોઈ ઈરાદો ગુનો કરવાનો હતો નહીં અને એકમાત્ર જીવન જરૂરિયાતની ચીજવસ્તુ તથા ધંધાની જરૂરિયાતે તેઓ બહાર નીકળેલ હતા અને તેઓએ કરેલ ગુનાનો પસ્તાવો જણાઈ આવે છે, નીચે મુજબનો હુકમ કરું છું.

**– <u>હુકમ</u> –**

**<u>અ.</u>** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯ ના ગુનામાં આરોપીની કબુલાત આધારે તકસીરવાન ઠરાવી આ કામના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૬૯ ના ગુના સંબંધે રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૦ મી, માહે જુલાઈ, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧ (જે.એ.બક્ષી)

મુ. વડોદરા. ૧૩માં અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.

જીજે ૦૦૯૦૩